# ત્યાગ–ભાવના

– ગિજુભાઈ ભરાડ

વિક્રમ સંવતના સોળમાં સૈકાની વાત છે.

બિહારના મિથિલા દેશમાં શંકર મિશ્ર નામના બાલકવિ થઈ ગયા, જેમણે પોતાની માતૃભાષા ઉપરાંત સંસ્કૃતમાં અનેક પ્રાસાદિક કાવ્યો લખ્યાં હતાં. એમના પિતાજી પણ સંસ્કૃતના ઊંડા અભ્યાસી હતા, પરંતુ એમની સ્થિતિ બહુ જ ગરીબ હતી.

નાનપણથી જ શંકર મિશ્રની બુદ્ધિ ખૂબ તીવ્ર હતી. એમના બાલપણનો આ પ્રસંગ છે.

એક દિવસ મિથિલાના રાજાની સવારી શંકરના ગામ આગળ થઈને જતી હતી. રાત પડી જવાથી રાજાએ ગામની ભાગોળે મુકામ કર્યો. સવારે ગામના લોકો રાજાનાં દર્શન કરવા જવા લાગ્યા. એમની સાથે બાળકોના ટોળાં પણ ઉમંગભેર ત્યાં જઈ પહોંચ્યાં.

બાળ શંકર મિશ્ર પણ બાળકોની સાથે સાથે રાજાનાં દર્શન કરવા ગામની ભાગોળે તાણેલ તંબુ તરફ ઉપડયો. એ સમયે એની ઉંમર માત્ર પાંચ વરસની હતી. એ ખૂબ રૂપાળો હતો.

રાજાની દૃષ્ટિ બાળકોના ટોળામાં ઊભેલા શંકર ઉપર પડી. એ સમયની પ્રચલિત સંસ્કૃત ભાષામાં પ્રેમપૂર્વક રાજાએ બાળ શંકરને પૂછ્યું, 'તું મને એકાદ કવિતા સંભળાવી શકીશ ?'

શંકરે ઉત્તર આપ્યો. 'રાજન ! હું આપને કવિતા તો સંભળાવું, પણ મારી પોતાની રચેલી કવિતા સંભળાવું કે પારકાની રચેલી ?

રાજાએ આશ્ચર્યથી એના સામું જોઈ કહ્યું, 'શું તને કવિતા રચતાં પણ આવડે છે ?'


બાળક શંકરે તુરત જ પોતાની શીઘ્ર રચના રાજા સમક્ષ રજૂ કરી :

બાલોऽહં જગદાનંદન મે બાલ સરસ્વતી !
અપૂર્ણે પંચમે વર્ષે વર્ણયામિ જગતત્રયમ ॥

'હે જગતને આનંદ આપનાર નરેશ ! હું બાળક છું, પણ મારી વિદ્યા કંઈ બાળક નથી. હજુ તો મને પાંચમું વરસ પણ પૂરું થયું નથી, પરંતુ ત્રણેય જગતનું વર્ણન હું કરી શકું છું.'

આ શ્લોક સાંભળી રાજા ઘણો જ પ્રસન્ન થયો. એણે પોતાના ખજાનાનો પટારો શંકર સામે ખુલ્લો મૂકીને કહ્યું : 'બેટા ! આમાંથી તારાથી લઈ શકાય એટલી સોનામહોરો લઈજા.'

શંકર તો પોતાના બન્ને હાથમાં જેટલી સમાય એટલી સોનામહોરો લઈને હરખ ભર્યો પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો. એના ઘેર પહોંચતા પહેલા જ એના ઘરે આ વાતના સમાચાર પહોંચી ગયા હતાં.



બાળક શંકર રસ્તે જતાં મનમાં જ વિચાર કરતો જતો હતો કે, આટલી બધી સોનામહોરો મારા હાથમાં જોઈ મારી માતાના હરખનો પાર નહિ રહે અને મને પ્રેમથી વધાવી લેશે. પરંતુ ઘેર પહોંચ્યા પછી એને ઊલટો જ અનુભવ થયો.

શંકરની માતા પુત્રને ખોબો ભરીને સોનામહોરો લઈ આવતો જોઈ તરત જ ઘરનાં આંગણામાં ઊભી રહીને બોલી :

'ખબરદાર ! ત્યાં જ ઊભો રહેજે. ઘરમાં આવીશ નહિ, મારી પ્રતિજ્ઞા પર પાણી ફરી વળશે.'

મૂળ વાત એમ હતી કે શંકરના જન્મ વખતે એનાં માતા–પિતાની સ્થિતિ એટલી બધી ગરીબ હતી કે, દાયણને સૂવાવડના મહેનતાણાં બદલ આપવાના પૈસા પણ તેમની પાસે નહોતા.

એથી શંકરની માતા એ દાયણને વાયદો કર્યો હતો કે, આ બાળક પોતાની પહેલી કમાણી કરી, જે લાવશે એ બધું હું તને આપીશ.

આમ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા શંકરની માતા એને બહાર જ ઊભો રાખી દાયણને ઘેર જઈ તેને બોલાવી લાવી અને તેને કહ્યું :

'દાઈમા ! આજે મારો પુત્ર પ્રથમ કમાણી લાવ્યો છે. મેં તમને આપેલ વચન પ્રમાણે એ બધું ધન સ્વીકારીને મને કૃતાર્થ કરો.'

દાઈ તો એ વાત કયારનીયે ભૂલી ગઈ હતી. તેને તો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે, એક સાધારણ સેવાના બદલામાં મને આટલું બધું ધન આપનાર કોઈ મળશે.

એ લાલચુ ન હતી. એ ધન લેવા એણે ઘણી જ આનાકાની કરી, પણ ગરીબ બ્રાહ્મણી પોતાની પ્રતિજ્ઞામાં અડગ રહી. એટલે દાઈએ લાચારીથી એ સોનામહોરોનો સ્વીકાર કર્યો.

દાઈ પણ ત્યાગ ભાવનાવાળી હતી. એણે એ સોનામહોરોનો ઉપયોગ પોતાના સુખ માટે ન કરતાં એક તળાવ ખોદાવ્યું.

આ તળાવ આજે પણ દરભંગાત્તમા(બિહાર) શ્રી સિદ્ધેશ્વરીના મંદિરની ઉત્તર દિશામાં આવેલું છે અને તે 'દાઈના તળાવ' ને નામે ઓળખાય છે.

ધન્ય છે એ દાઈને અને ધન્ય છે શંકર મિશ્રની નિર્ધન માતાના પ્રતિજ્ઞા પાલનને !

■